# સંપૂર્ણ માનવતાના સંદેશવાહક - 'પ્રજાપિતા બ્રહ્મા'

દરેક મનુષ્યનું શરીર પાંચ તત્વોથી જ બનેલું છે. તેમ છતાં અમુક વ્યક્તિ આ સંસારની ભીડમાં અલગ જ તરી આવે છે. એમના દિવ્ય વ્યક્તિત્વ તથા ગુણોથી આખી દુનિયા ધન્ય બની જાય છે. આવી આત્માઓ પરમાત્માનું પ્રતિ રુપ કહેવાય છે. તે લાખોમાં પણ કોઈ એક અને કોઈ એકમાં પણ કોઈ વિશેષ બની જાય છે. ધરતી પર રહેવા છતાં તે ફરિશ્તા થઈ જાય છે. તે પાણીનાં એક બિન્દુમાંથી મહાસાગર બનવા જેવી ઈશ્વરીય શક્તિ ગ્રહણ કરી લે છે. તેઓ મીણબત્તીની બનેલી કરવતથી પણ પથ્થરનાં પહાડો પણ કાપી શકે છે. તેઓ સમુદ્રને પણ સુકવી શકે છે. આવી જ એક મહાન વિભૂતી પ્રજાપિતા બ્રહ્મા. પિતાશ્રી બ્રહ્માબાબા આ ધરતીને સ્વર્ણિમ બનાવવા માટે તમોપ્રધાન સંસારનું વિષ પીને પણ સરલ અને સહજ બની ગયા. તેઓ ૧૮ જાન્યુઆરી, ૧૯૬૯ની સાંજે આ સાકાર જગતમાંથી પણ અવ્યક્ત ફરિશ્તા બની ગયાં. પિતાશ્રી બ્રહ્માબાબાનાં સાકાર દેહને બ્રહ્માવત્સો શ્રધ્ધા સુમન ચઢાવવાં માટે માઉન્ટ આબુ સ્થિત પાંડવભવન ખાતે હીસ્ટ્રી હોલમાં રાખવામાં આવેલ. ઝાકળનાં બિંદુઓએ એમના પર આંસુના ફુલ ચઢાવ્યા હતા. રાત્રીમાં ચાંદનીએ પણ પોતાના આધ્યાત્મિક પૈગમ્બરને દિલ ખોલી નિહારતી રહી. અશ્રુબિંદુ સાથે અરાવલ્લીની પર્વતમાળાઓએ પણ શીશ નમાવીને એમણે નમન કર્યા.

સાકારમાં રહેવા છતાં પણ નિરાકાર શિવને જ જીવનમાં એવી રીતે સમાવ્યા કે, બંનેને અલગ તારવવા અશક્ય લાગતું. પરમપિતા, પરમશિક્ષક, પરમ સદ્‌ગુરુના સહયોગથી તે ભારતીય આદિ સનાતન દેવી-દેવતા સંસ્કૃતિના સંસ્થાપક બની ગયાં. માનવતાના શ્રેષ્ઠતમ મસીહા અને દિવ્યતાના સાચા પ્રણેતા બની ગયા. તેઓ જ્ઞાન મુરલી વાદનની સાથે-સાથે પત્ર લેખનમાં પણ માસ્ટર હતાં.

સાચે જ તે સ્વયં એક રુહાની સંસ્થાન હતા. સાક્ષાત્ આધ્યાત્મના મૂળ હતા. ધ્યેયની સાથે દૈવી સંસ્કૃતિના આંદોલન અને દિવ્યતાના આગેવાન હતા. જીવનના મુલ્યો માટે તેઓ એક અદ્રિતીય ઉદાહરણ હતા. સમસ્યાના સમાધાન સ્વરુપની સાથે સતયુગી દુનિયાના સંવિધાન નિર્માતા પણ હતા. સંસારના તમામ ઉતાર-ચઢાવને જોતા પણ સ્વયંને પરમાત્માના ઈશારા પ્રમાણે જ ચલાવ્યા. એમના સિધ્ધાંતો અને ઉંચ્ચ વિચારો અત્યારે પણ બધામાં અલૌકિક શક્તિ ભરે છે. એમનો કર્મયોગ બધાના માટે જીવન દર્પણ બનેલ છે. એમના દિવ્ય અનુભવો વિપરીત પરિસ્થિતિઓમાં પણ બધાને પ્રેરણા અને બળ પ્રદાન કરે છે. વિપરીત પરિસ્થિતીઓ તથા ગમે તેવા તોફાનો આવે છતાં પણ, તેઓની માનસીક સ્થિતી અચલ, અડોલ અને ખુશમિજાજમાં રહેતા હતાં. સિધ્ધાંતો અને આદર્શોની પાલના કરતા પણ સદા સર્જન અને શાલીનતાના પર્યાય બની રહ્યા. અંતિમ શ્વાસ સુધી વિશ્વ બંધુત્વ અને દેવત્વના પાઠ ભણાવતા રહ્યા. એમના ત્યાગ, તપસ્યા સેવા એ જ બ્રહ્માકુમારીઝનાં નાના બીજને વિશાળ વટવૃક્ષ બનાવી સમગ્ર વિશ્વમાં વિસ્તૃત કર્યુ.

યજ્ઞના ઈતિહાસમાં પહેલીવાર જ વાર બાબાએ એમનાં છેલ્લા દિવસની સવારે ઈશ્વરીય મહાવાક્ય સંભાળાવવા નાદુરસ્ત તબીયતને કારણે ન જઈ શકયાં. પણ પ્રેમથી બોલ્યા: 'આઓ બાળકો, પત્ર લખીએ; સદા હળીમળીને ઉપરામ સ્થિતિમાં એકરસ થઈને રહેશો, શિવશક્તિઓને આગળ રાખશો તો જ સાધના અને સેવામાં સફળતા મળશે. તબિયત વધારે બગડતી હોવાથી ડૉક્ટરને બોલાવવાનું કહ્યું, ત્યારે એમનાં વરદાની હાથ હલાવીને કહ્યું 'ડૉક્ટર પણ હવે શું કરશે? હું તો સુપ્રીમ સર્જન સાથે વાતો કરી રહ્યો છું. સંધ્યા સમયે ઈશ્વરીય મહાવાક્ય (મુરલી) સંભળાવ્યા પછી પહેલી વાર બોલ્યા 'અચ્છા બાળકો વિદાય'. ક્લાસની બહાર નિકળતા હાથથી રુમાલ હલાવતા કહેવા લાગ્યા: 'સદા ***નિરાકારી, નિર્વિકારી, નિરહંકારી*** બનીને રહેજો'. બ્રહ્માબાબા પલંગ પર બેસી દાદા વિશ્વ રતનના ખોળામાં શરીર અને દાદી પ્રકાશમણીના હાથમાં હાથ મૂકી એમની અંદર જે સુક્ષ્મ ઇશ્વરીય શક્તિયોં હતી એમણે વીલ કરી દીધી. સંપૂર્ણ માનવતા માટે એમનો અતૂટ પ્રેમ આકાશમાં ઉગવા માટે જતો રહ્યો. બેહદની સેવા તથા પરમધામવાસી પરમાત્માનું સાનિધ્ય મેળવવા અવ્યક્ત વતનવાસી થઈ ગયા. જ્ઞાન મુરલી અને દિવ્ય સંદેશોના સ્વરુપમાં આજે પણ એમની શુભભાવના આકાશ ચીરીને સૌમાં દિલાસો ભરે છે. કળિયુગી આત્માઓના આંસુ લૂછવા માટે આવી એક અનોખી વિભૂતિ કલ્પમાં એક જ વાર અવતરિત થાય છે. સાચે જ આવા અનુભવી અને દિવ્ય તનનો આધાર પામીને સર્વશક્તિમાન શિવ ભગવાન પણ ગર્વ અને ગૌરવનો અનુભવ કરી રહ્યા છે.

બ્રહ્માકુમાર-કુમારીઓના દિલમાંથી પણ કાયમ એક જ આવાજ નીકળે છે. 'તેરે લબો સે નિકલા જ્ઞાનામૃત્ત આજ ભી દિલોદિમાગ કો દિવ્ય બના રહે હૈ'. તેઓએ ઈશ્વરીય યાદમાં તપીને જીવનને સાચુ સોનું બનાવવાનું કહી ગયા છે. તેઓ ચોક્કસપણે અવ્યક્ત વતનવાસી કાળ પર વિજય પ્રાપ્ત કરનાર સંપૂર્ણ બ્રહ્મા બની ગયા. આજે પણ એમનો રથ જીવનમુક્તિનો સંદેશ આપવામાં તલ્લીન છે. અનુભૂતિની વાટીકામાં શ્રધ્ધા અને વિશ્વાસની સુગંધ પાથરવા માટે તે માત્ર નજરોથી જ છુપાયેલ છે. સદા ઈશ્વરીય સ્મૃતિમાં મગન બ્રહ્માબાબા રોજ સવારે બે વાગ્યે ઉઠી જતા હતાં. ખુશ આનંદમાં રહીને આખો દિવસ રુહાની પાલના આપતા. દિવસભરનાં સંકલ્પોને ઈશ્વરને અર્પણ કરી કમળઆસન પર ન્યારા અને પ્યારા બની નિંદરમાં પોઢી જતા. તરંગો વગરનાં તળાવની જેમ તેઓ શીતળ અને શાંત હતા. તેઓનાં સાનિધ્યમાં જવાથી સ્પષ્ટ થઈ જતું કે, નિર્ભયતાથી જ અજ્ઞાનરુપી અધંકારને દૂર કરી શકાય છે. ઉદારચિત્ત થઈને જ બેહદની સેવા થઈ શકે છે. સ્વતંત્રતા અને પવિત્રતા વગર કશું પણ નવું થઈ શકે નહી. વાસનાઓ અને કામનાઓથી સદા ઉપર રહેવાને કારણે તેઓ એક અસધારણ વ્યક્તિત્વવાળા હતા. તે સદા ધીર, વીર, ગંભીર અને કર્મ પ્રત્યે દ્રઢ હતા. પુરુષોત્તમ સંગમયુગના ડાયરેક્ટર, હીરો એક્ટર બની સાચા અર્થમાં સમગ્ર કલ્પ માટે ઉદાહરણ સ્વરુપ, ઉધ્ધારમૂર્ત બની ગયાં. પ્રજ્ઞાપુરુષ, મહાપુરુષની સાથે-સાથે અનુભવીમૂર્ત હોવાને કારણે એમના જ પદચિન્હોની સમગ્ર વિશ્વ અનુગમન કરશે. ઈશ્વરીય જ્ઞાનની સાથે સદ્ભાવનાઓની નિર્મળ ધારા એમના અંતઃકરણમાં સતત વહેતી રહેતી હતી. એમની જીવન પધ્ધતિથી જીવન મુલ્યો પણ શોભાયમાન થાય છે.

બાબા ગૃહસ્થ અને વ્યવસાયમાં બહુ જ લોકપ્રિય હતા. જયારે બાળપણ એમનું ગરીબાઈમાં વિત્યું. ધંધાની આગવી સુઝ-બુઝની શક્તિ, પરખવાની શક્તિ, વ્યવહાર કુશળતાને કારણે એમનાં નામનો ઉલ્લેખ આજે પણ હીરાઉધોગનાં બજારોમાં થાય છે. એમના સફળ જીવનના ગુણગાન રાજા, મહારાજાઓ પણ કરતા હતા. એમના સાનિધ્ય માત્રથી જ સૌ કોઈ મંત્ર મુગ્ધ થઈ જતા હતાં. પરમાત્મા થકી એમના તનનો આધાર લેવાથી તે સમગ્ર માનવતાને સકાશ-પ્રકાશ આપી રહ્યા છે. સાગર જેવી ગંભીરતા, પર્વત જેવી ઊંચાઈ અને ધરતી જેવી ધીરતા એમના દિવ્ય વ્યક્તિત્વથી થતી. એટલે જ આજે પણ એમની સાકારમાં હાજરી ન હોવા છતાં પણ, એમના કરેલાં પુણ્ય દ્વારા સૌ કોઈને માર્ગદર્શન કરતાં રહે છે. એમની ઉજ્જવલ કીર્તિ મુક્તિ-જીવનમુક્તિની ભેટ આપતી રહે. એમની બહુમુખી વ્યક્તિત્વની વ્યાખ્યા કરવી તે સૂરજને દિપક બતાવવા જેવું છે. કોઈ નીંદા કરનાર કે અપશબ્દો બોલવાવાળાને પણ તેઓ પ્રેમથી મળતા હતા. આખા કલ્પનું રહસ્ય એમના જીવનમાં સમાયેલું લાગતું. એમની શીતલ વાણી ઉષાકાળના ઝાકળના સમાન દુઃખી આત્માઓને રાહત આપતી. ગીત-સંગીતમય જીવન જીવનારા તથા ચંચળ મનોવૃત્તિવાળાને પણ પ્રેમના બંધનમાં બાંધી લેતા. પરમ શત્રુ ગણાતાં વિકારોને સહજ રીતે સ્વતંત્ર કરી દેતા. તેઓએ તેમનાં સકાર દેહને ૧૮જાન્યુઆરી, ૧૯૬૯માં સમેટી લીધું. સંસારનો આ અવિરત નિયમ છે કે, ધરતી પર જન્મ લેનારને શરીર ત્યાગવું જ પડે છે, અને મરી ગયેલ વ્યક્તિનું ફરીથી પુનઃજીવન સાક્ષાત સામે નથી જોઈ શકાતું. વિશ્વ વ્યાપી બ્રહ્માકુમારીઝ સંસ્થાના આજે પણ એ સાચા પાલક છે.

સાગર ભરતી અને ઓટથી કિનારા પર અનેક વસ્તુઓ લાવી પાથરી દે છે. વાદળોની પાછળ છૂપાયેલ સૂર્ય પણ પોતાના પ્રકાશનો આભાસ કરાવે છે. સુગંધિત ફૂલ પણ દૂર સુધી પોતાની સુગંધ ફેલાવે છે. એવી જ રીતે પ્રજાપિતા બ્રહ્મા પણ દેશ, કાળ, વાતાવરણ અને સંબંધના બંધનોમાં હોવા છતાં વિશ્વ નવ નિર્માણની આધ્યાત્મિક યોજનાઓને સાકાર કરતા રહ્યા. એમની અંતિમ કાયા પણ અનુપમ હતી. ઘઉં વર્ણ ધરાવતી કાયા પ્રત્યેકના જીવનમાં મહેક પ્રસરાવતી. શ્રધ્ધા અને સ્નેહથી વીંટાયેલ એમની જીવન પધ્ધતિ અવિસ્મરણીય હતી. પર્વત ઉંચા હોય પણ ઊંડા નહીં. સાગર ઊંડા હોય પણ ઉંચા નહીં પરંતુ પિતાશ્રી બ્રહ્મા આ બન્ને વિશષતાઓથી ભરપૂર અદ્વિતિય લાગતા હતા. આજે પણ મનમાં એમની સુખદ સ્મૃતિ આવતા દરેક આત્મા એમના ચિત્ર અને ચરિત્રથી તન્મય થઈ જાય છે. એમના દ્વારા પરમાત્માનો પ્રેમ પ્રાપ્ત કરનાર તો જેમ મહાસાગરમાં વિચરતા હોય, તેમ પોતાને ધન્ય ધન્ય માને છે. છેલ્લાં સિત્તેર વર્ષોથી જેમણે તેઓની પાલના લીધી અને એમની છત્રછાયામાં રહયાં એનું તો પૂછવું જ શું? એ અપ્રતિમ પ્રતિભાના માલિક નહીં, પરંતુ અંર્તયામી અને પરમ સ્નેહી પણ હતા. પરમાત્મા પ્રતિ સ્પષ્ટવાદીતા અને નિર્ભીક્તા એમના ચેહરા અને ચલનમાં પણ પ્રત્યક્ષ થતી હતી.

આવા અર્વણનીય વ્યક્તિત્વની કોની સાથે સરખામણી કરી શકાય? એમની ગૌરવ-ગરિમા, મહિમા અને રુહાની ઉષ્માને સીમામાં બાંધી ન શકાય. તેમને મળતાની સાથે માઁ ભારતી સુજલાંમ - સુફલામ - મલયજ શીતલામ કહી શકાય એવા, નયનકમળ યોગી તૂ આત્માને સૂર્ય તેનો પ્રકાશ આપવા માટે ઉગે છે. સૂર્યનો પ્રકાશ તો સાંજે આથમતાની સાથે ઢળી જાય છે, પરંતું આ આત્મા કલ્પનાં અંતમાં પુનઃ પ્રજાપિતા બ્રહ્મા જેવા પરમ તેજસ્વી-ઓજસ્વી પદ પ્રાપ્ત કરી લે છે. એવા પિતાશ્રી બ્રહ્માબાબાને શતઃ શતઃ કોટી કોટી નમન.



D:\Pm7\NANDINI\Article\18th January\Sampurna Manavta ke masiha Brahma Baba.pmd Page 2